ક્રમાંકઃ– માવિ.૧/ પરિપત્ર / ૨૦૧૮/ ૬૫૦૭૬ - ૬૫૫૭૬

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
બનાસકાંઠા જીલ્લો, પાલનપુર
તારીખઃ– ૨૯ /૦૯/૨૦૧૮

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી / બિન સરકારી માધ્ય./ઉચ્ચ.માધ્ય. / નોન ગ્રાન્ટેડ તમામ શાળાઓ
બનાસકાંઠા જીલ્લો

વિષયઃ– બે દિવસની બનાસકાઠાં જીલ્લાના ગુજરાતી શિક્ષકો માટે તાલીમનું આયોજન કરવા બાબત.

સંદર્ભઃ– નિયામક, વિદ્યામંદિર ટ્રસ્ટ, પાલનપુરનો પત્ર તા.૨૮/૯/૨૦૧૮

ઉપરોકત વિષય પરત્વે જણાવવાનું કે, સંદર્ભદર્શિત પત્રથી વિદ્યામદિર ટ્રસ્ટ, પાલનપુર સંચાલિત શ્રી કનુભાઈ મહેતા વિદ્યાવિકાસ કેન્દ્ર અંતર્ગત તા.૧૦/૧૦/૨૦૧૮ અને તા.૧૧/૧૦/૨૦૧૮ (નવરાત્રી વેકેશન) દરમિયાન બે દિવસની બનાસકાંઠા જિલ્લાના ગુજરાતી શિક્ષકો માટેની તાલીમનું આયોજન કરેલ છે. આ કાર્યક્રમ ગુજરાત રાજયના તજજ્ઞ માન.ડાં.યોગેન્દ્ર વ્યાસશ્રીના સીધા માર્ગદર્શનમાં થવાનો છે. તેમનો બાયોડેટા આ સાથે સામેલ છે.

આ કાર્યક્રમ ગુજરાતી વિષયનું સ્તર ઉંચુ લાવવાનો કાર્યક્રમનો હેતુ છે. કાર્યક્રમ બંને દિવસ સવારથી સાંજ સુધીનો છે. સવારનો ચા/કોફી નાસ્તો , બપોરનું ભોજન, બપોરની ચા, વિદ્યામંદિર તરફથી આપવામાં આવશે કાર્યક્રમ નિવાસી નથી રાત્રી રોકાણની સગવડ નથી.

કાર્યક્રમમાં આવવા માટે તા.૫/૧૦/૨૦૧૮ સુધીમાં રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે. કાર્યક્રમમાં આવવા જવાનો ખર્ચ વ્યકિત કે સંસ્થાએ ભોગવવાનો રહેશે.

**તાલીમની રૂપરેખા**

| પ્રથમ દિવસ : તારીખ : ૧૦/૧૦/૨૦૧૮ | ધ્વિતીય દિવસ : તારીખ : ૧૧/૧૦/૨૦૧૮ |
|---|---|
| પ્રથમ સેશન : ૧૧–૦૦ થી ૧–૦૦ | પ્રથમ સેસન : ૧૦–૦૦ થી ૧૨–૦૦ |
| ધ્વિતીય સેશન : ૨–૦૦ થી ૬–૦૦ | ધ્વિતીય સેશન : ૧–૦૦ થી ૨–૦૦ |
| | તૃતીય સેશન : ૨–૧૫ થી ૩–૩૦ |
| | ચતૃર્થ સેશન : ૩–૪૫ થી ૫–૦૦ |

સદરહુ કાર્યક્રમમાં આ જિલ્લાના તમામ શિક્ષકોને સ્વૈચ્છિક ધોરણે લાભ લેવા જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા, પાલનપુર

18/09/18

**Vidyamandir Trust, Palanpur**

ડૉ.યોગેન્દ્રધીરુભાઈ વ્યાસ,પૂર્વ-ડિરેક્ટર ,ભાષાસાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી.

જન્મ: ૦૬/૧૦/૧૯૪૦ ,અમદાવાદ , પિતા- ધીરુભાઈ, માતા- પ્રમોદબહેન

**સિદ્ધિઓ**

- અત્યંત તેજસ્વી કારકિર્દી સાથે એમ.એ., પીએચ.ડી., સાહિત્યરત્ન
- માત્ર ૨૨ વર્ષની ઉંમરે સુરેન્દ્રનગરની મહિલા કૉલેજમાં અને પછી અમદાવાદની સરસપુર કૉલેજમાં આચાર્ય .એક વર્ષ ડૉ.પ્રબોધ પંડિત સાથે પૂનાની ડેક્કન કૉલેજમાં.
- ૧૯૬૯ થી ઑક્ટોબર ૨૦૦૨ સુધી ભાષાભવન , ગુજરાત યુનિવર્સિટમાં ; એ દરમિયાન સૅનેટના પાંચ ટર્મ ,એકેડેમિક કમિટીના ચાર ટર્મ , સિન્ડિકેટના ત્રણ ટર્મ અને ફાઈનાન્સ,બાંધકામ, પ્રકાશન ,ગ્રંથાલય , પરીક્ષા વગેરે સમિતિઓના વર્ષો સુધી સભ્ય.
- ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળમાં '૭૬થી વિવિધ ગુજરાતી પાઠ્યપુસ્તકોના સંપાદક ,પરામર્શક અને વિષયસલાહકાર તથા બે ટર્મ માટે નિયામકસભા, સંચાલનસમિતિ અને બોર્ડના સભ્ય.
- '૮૩થી શોધન આઈ.એ.એસ. ટ્રેનિંગ સેન્ટર અને '૯૩થી સ્પીપા (ગુજરાત સરકાર)માં યુપીએસસીના તાલીમકોર્સમાં સંકળાયેલા ,તેમના ૧૦૦ થી વધુ વિદ્યાર્થીઓ IAS,IPS,IRS વગેરે પદ ઉપર તથા GPSC વર્ગ ૧-૨ માં પસંદ થયેલાં છે. બિનગુજરાતીઓ અને પરદેશીઓને ગુજરાતી શીખવવાના અનેક કાર્યક્રમો તથા ભાષાવિજ્ઞાન અને ભાષાશિક્ષણના અનેક વર્કશોપ અને સેમિનારના સફળા સંચાલક.
- ભારતીય ભાષા સંસ્થાન (માયસોર)ના કેન્દ્ર સરકારે નિમેલા સલાહકાર, ('૯૫ થી '૯૯) નવમી પંચવર્ષીય યોજના માટેની યુ.જી.સી.ની વિઝિટિંગ કમિટીના ('૯૭) અને નેશનલ એક્રેડિટેશન એન્ડ એસેસમેન્ટ કાઉન્સિલ(૨૦૦૦)ના સભ્ય.
- કુલ સત્તાવિસ પુસ્તકોના લેખક અને ચોવિસ પુસ્તકોના સંપાદક. જેમાંથી છપુસ્તકો જે-તે વરસના શ્રેષ્ઠ પુસ્તક તરીકે ગુજરાત સાહિત્ય અકાદમી પુરસ્કાર.
- અમદાવાદ શહેર શિક્ષણસમિતિ દ્વારા સન્નિષ્ઠ શિક્ષક તરીકે સન્માનિત ('૯૯) ૨૦૦૨માં અમેરિકાની ૧૯૬૭થી કાર્યરત એ.બી.આઈ. , ઈન્સ. સંસ્થા દ્વારા ' મૅન ઑફ ધ યર-૨૦૦૨' અને તે જ સંસ્થાના રિસર્ચ બોર્ડ ઑફ એડ્વાઈઝર્સ તરીકે પસંદગી.
- વર્ષ ૨૦૦૩-૦૪માં 'દિવ્ય ભાસ્કર' સમાચારપત્રના ભાષાસલાહકાર તથા લેખક.
- ૨૦૧૪માં પ્રાથમિક શિક્ષણની કામગીરી માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને ડૉ.રવિન્દ્ર દવેના હસ્તે મેયરની ઉપસ્થિતિમાં ટાગોર હોલમાં ગૌરવ સન્માન અર્પણ કર્યું.
- છેલ્લા૧૦ વરસમાં GCERT ના એક્ઝિક્યુટિવ મેમ્બર તરીકે અનેક તાલીમ વર્ગોનું સંચાલન કર્યું. એમાં વિશેષે ૨૬ ડાયટના બધાંજ વિષયના લેક્ચરરોનું ગુજરાતી વિષયના તાલીમનું કામ કર્યું.